# આખરી દાવ

કુમાર અને માનસેને ખેતશીશેઠને પકડી લીધા. ખેતશીશેઠ બેભાન હતા એટલે ઊંચકીને લઈ ચાલ્યા એમના રહેઠાણે.

રહેઠાણમાં મુનીમ હતા. એ તો આ બધો તાલ જોઈને ગભરાઈ ગયા. કુમારે મુનીમને સમજાવ્યા અને કહ્યું : મુનીમજી, ગભરાશો નહીં. અમે તમને કશું નહીં કરીએ.

મુનીમ ચતુર હતા. સમજી ગયા, કે હવે આપણું જોર ચાલશે નહીં. હારીએ ત્યારે નમી પડીએ.

મુનીમ બોલ્યા : હું તો શેઠનો ચાકર છું. તમારી સાથે મારે કશું વેર નથી.

કુમાર બોલ્યો : તો અમે કહીએ તેમ કરો.

મુનીમ કહે : કહેશો તેમ કરીશ.

કુમાર કહે : તો હવે તમારા ખેતશીશેઠની ચાકરી કરો. પથારી તૈયાર કરો. ખેતશીશેઠને આરામથી સુવડાવો.

મુનીમ દોડ્યા. પથારી તૈયાર કરી. ખેતશીશેઠને સુવડાવ્યા.

ખેતશીશેઠ હજી બેભાન હતા. કુમાર અને માનસેન દવા તૈયાર કરવા લાગ્યા. દવા લગાડી અને પાટા બાંધી દીધા.

કુમારે માનસેનને કહ્યું કે : હવે આપણે ખેતશીશેઠનો ભંડાર મેળવી લેવો જોઈએ.

માનસેન કહે : એ કામ તો મેં ક્યારનું આરંભી દીધું છે. ભોંયરામાં માણસો મોકલી દીધા છે.

ત્યાં તો ભોંયરામાંથી માણસો પાછા આવ્યા. કહે કે, ભોંયરામાં કશું નથી.

કુમાર સમજી ગયા કે, મુનીમે ચાલાકી કરી હશે. બધો ભંડાર છુપાવી દીધો હશે.

મુનીમને બોલાવ્યા.

કુમારે કહ્યું : મુનીમજી! હવે તમે બધી ચાલાકી બંધ કરી દો. કોઈ પણ વાતમાં કપટ કરશો તો દુઃખી થઈ જશો.

મુનીમ હસીને બોલ્યા : ભઈસબ, એવો કપટી હું નથી. હું તો ગુલામ છું. મારે કપટ શા માટે કરવું જોઈએ? હું તો ખેતશીશેઠ કહે તેમ કરનારો મુનીમ છું.

કુમાર કહે : તો બતાવી દો કે, ખેતશીશેઠનો ભંડાર ક્યાં છે?

મુનીમ બોલ્યા : ભંડારની વાત હું જાણતો નથી. એ ખેતશીશેઠ એકલા જ જાણતા હતા.



માનસેન પરાક્રમી

કુમાર કહે : મુનીમજી! તમે જૂઠું બોલો છો. ભંડાર તમે જ ક્યાંક છુપાવી દીધો છે.

મુનીમ દયામણું મોઢું કરીને બોલ્યા : કહો તેવા સોગન ખાઉં? ભંડારની વાત હું જાણતો નથી. ખેતશીશેઠ એ બધું જાણે. ભંડાર એમના હાથમાં રહેતો હતો.

કુમાર સમજી ગયો કે, મુનીમ બડો ચતુર છે. કોઈ વાતે તે બતાવશે નહીં.

હવે ખેતશીશેઠને જરા જરા આરામ થતો આવતો હતો. ધીમે ધીમે બોલતા હતા. કુમાર અને માનસેન આવે છે અને પાસે બેસે છે. ત્યારે ખેતશીશેઠ એકદમ ચૂપ થઈ જતા. જાણી જોઈને બોલતા નહીં. જાણે કે પોતાથી જરા પણ બોલાતું નથી એવો ઢોંગ કરતા. પીડા ઘણી થતી હોય એવું બતાવતા. કોઈ ત્યાં ન હોય ત્યારે મુનીમ સેવાચાકરી કરવા આવતા. ત્યારે ખેતશીશેઠ છાની છાની વાતો મુનીમ સાથે કરી લેતા.

મુનીમ કહે : હવે શું કરવું?

ખેતશીશેઠ કહે : હવે ભારે ચતુરાઈ વાપરવી પડશે.

મુનીમ કહે : શી ચતુરાઈ વાપરીશું? આપણે હારી ગયા છીએ. આપણો ભંડાર તો મેં સંતાડી દીધો છે. કુમાર અને માનસેન મને ઘણું પૂછે છે, પણ હું ના કહું છું, કે ભંડારની વાત ખેતશીશેઠ જાણે છે.

ખેતશીશેઠ કહે : અને હું બોલવાનો જ નથી. ઘણી પીડા થાય છે એવો દેખાવ કરતો રહીશ.

મુનીમ કહે : પણ પછી શું?

ખેતશીશેઠ કહે : પછી આપણે દાવ ખેલવાનો છે. આપણા પક્ષમાં કેટલા માણસો છે? એ વાતની પાકી ખાતરી કરી લો.

મુનીમ કહે : દસ-વીસ માણસો હશે. એ પણ કુમારની સાથે મળી જાય તો નવાઈ નહીં.

ખેતશીશેઠ કહે : તમે એ બધાને સમજાવો કે ખેતશીશેઠ સાજા થાય એટલી જ વાર છે. તમને ઘણું ઘણું આપશે. માનસેન અને કુમારને ચપટીમાં ચોળી નાખશે. તે બંને અહીં રહેવાના જ નથી.

મુનીમ કહે : શી રીતે? આપણે દસ-વીસ માણસો સાથે આ માનસેન અને કુમારને પહોંચી શકીએ એમ નથી. અનાલુ ડોસો અને બધા ટાપુવાસીઓ એમની સાથે છે.

ખેતશીશેઠ કહે : હું કહું તેમ કરતા જાઓ. આપણે માનસેન અને કુમારને ખતમ કરી દઈશું.

આમ ખેતશીશેઠ અને મુનીમ નવો દાવ ગોઠવવા લાગ્યા.

કુમાર અને માનસેન વિચારે છે કે, ખેતશીશેઠ બોલતા ચાલતા થાય એટલે ભંડારની વાત પૂછી લઈએ. એ ભંડારમાંથી જોઈએ તે લઈ લઈએ. બીજું બધું ટાપુવાસીઓને વહેંચી

આપીએ. અનાલુ ડોસાને સરદાર બનાવી દઈએ પછી આપણે પાછા પેલા વનમાનવ સાથે રહેવું છે.

મહિનો અને બે મહિના વીતી ગયા. ખેતશીશેઠ બોલતા નથી. ઘણી પીડા થતી હોય તેવો ઢોંગ કરે છે. કુમાર અને માનસેન આવે છે ત્યારે ઊંહકારા કરવા માંડે છે.

માનસેને ખેતશીશેઠને કહ્યું કે : શેઠજી! હવે તમે કપટ રાખશો નહીં. મન ચોખ્ખું રાખો. મોજથી ટાપુ પર રહો.

પણ ખેતશીશેઠ બોલતા નથી.

કુમાર, માનસેન અને અનાલુ ડોસા એકઠા થયા. વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું?

અનાલુ ડોસા કહે : ખેતશીશેઠ બડો ચતુર છે. તે જાણી જોઈને કશું બોલતો નથી. મારી તો સલાહ છે કે, એને પકડી લો અને તમારી સાથે ભારત લઈ જાઓ. તો અમે સુખથી અહીં રહીશું.

કુમારને આ વાત ઘણી ગમી. માનસેનને કહ્યું કે : અનાલુદાદાની આ વાત સરસ છે. મુનીમને અને ખેતશીશેઠને આપણી સાથે લઈ જઈએ. તેઓ આ ટાપુ ઉપર રહેશે તો સીધા નહીં રહે. કંઈ ને કંઈ બખેડો કરતા રહેશે.

માનસેનને પણ આ વાત ગમી ગઈ. નક્કી કર્યું કે, વહાણ હંકારી મૂકીએ. ખેતશીશેઠને અને મુનીમને સાથે લઈ જઈએ, પણ એક વાત અધૂરી છે. ખેતશીશેઠનો ભંડાર મળી જાય તો જવાનું બને. મુનીમ બતાવતા નથી અને ખેતશીશેઠ કશું બોલતા નથી.

માનસેનને એક ઉપાય સૂઝી ગયો. તેણે કહ્યું, કે આપણે ખેતશીશેઠને કહીએ કે કાલે જ અમે વહાણો હંકારીએ છીએ, અમે ભારત પાછા જઈએ છીએ. સાથે તમને પણ લઈ જઈએ છીએ. આ વાત જાણશે એટલે ખેતશીશેઠ ગભરાશે. પોતાનો ભંડાર અહીં રહી જશે એટલે ચિંતામાં પડી જશે. ત્યારે આપણે કહીશું કે જો ભંડાર બતાવો તો તેમાંથી અરધો ભંડાર તમને આપી દઈશું અને તે સાથે લઈને ભારત આવો.

અનાલુ ડોસા કહે : બરાબર છે. તો ખેતશીશેઠ માની જશે. નહીં માને તો પોતાને કશું મળશે નહીં.

આમ નક્કી કર્યું. કુમાર અને માનસેન ખેતશીશેઠને મળ્યા. વાત કહી કે, આપણે ભારત જવાનું છે. ભંડાર બતાવી દો. તેમાંથી તમને અરધો ભંડાર મળશે. વાત નહીં માનો તો કશું નહીં મળે. કાલે જ વહાણ હંકારીશું. તમને સાથે લઈને જઈશું એ નક્કી.

આ વાત સાંભળીને શેઠ સમસમી ગયા. પોતે કશું બોલ્યા નહીં.

કુમારે મુનીમને પણ આ વાત કહી.

મુનીમ ગભરાયા. દોડતા ખેતશીશેઠ પાસે ગયા.

ખેતશીશેઠ કહે : ગભરાશો નહીં. આજની રાત આપણી પાસે છે.

મુનીમ કહે : રાતમાં આપણે શું કરીશું? કાલે સવારે વહાણ ઊપડશે. સાથે આપણને પણ લઈ જશે.

ખેતશીશેઠ કહે : રાત ઘણી મોટી છે. તમે વિચારો અને હું પણ વિચારું. છૂટવાનો કોઈ ઉપાય શોધી કાઢો.

મુનીમે કપાળ પર હાથ ઠોક્યો. કશો ઉપાય મળે એવું નહોતું.

ત્યાં ખેતશીશેઠ બોલ્યા : મુનીમજી...!

મુનીમજી કહે : હું... ...

ત્યાં ખેતશીશેઠ કહે : હું હું શું કરો છો? આ રહ્યો ઉપાય.

આમ વાત કહીને ખેથશી શેઠે મુનીમના કાનમાં વાત કહી. એક ઉપાય બતાવ્યો. રાતોરાત કામ પાર પાડવાનું કહ્યું. એ ઉપાય સાંભળીને મુનીમ રાજી થઈ ગયા.

ઝટ ઝટ મુનીમ ચાલ્યા. એક પછી એક પોતાના પક્ષના માણસોને મળ્યા. બધાને વાત સમજાવી.

સૂરજ આથમ્યો અને રાત પડી.

રાત માંડી વીતવા.

રાતના અંધારામાં ખેતશીશેઠ અને મુનીમજી શું કરે છે તે કોઈ જાણતું નથી. કોઈને એ વાતનો વિચાર પણ આવતો નથી. રાત પૂરી થઈ અને ખેતશીશેઠનું કામ પણ પૂરું થયું.

સવાર થયું.

વનવાસી દોડતો માનસેન પાસે ગયો. કહે કે, પથારીમાં ખેતશીશેઠ નથી. તરત જ માનસેન અને કુમાર જોવા દોડ્યા, ખેતશીશેઠની પથારી ખાલી પડી છે. બધે તપાસ કરી, ક્યાંય ખેતશીશેઠ મળ્યા નહીં. મુનીમજીને બોલાવવા માણસ મોકલ્યો. પોતાના ઓરડામાં મુનીમજી પણ નહોતા.

બધા વનવાસી એકઠા થઈ ગયા. તપાસ કરી કે કોઈ વનવાસી ગુમ થયો છે કે નહીં! ત્યારે વાત મળી કે પંદર-વીસ વનવાસી પણ તેમને ઘેર નથી. હવે સમજણ પડી કે ખેતશીશેઠ નાસી ગયા છે.

તરત જ સાત-આઠ ટુકડીઓ તૈયાર કરી દીધી. ચારે દિશામાં મોકલી દીધી. ખેતશીશેઠને શોધવા વન અને પહાડમાં દોડાવી મૂકી. માનસેન અને કુમાર પણ ઊપડી ગયા.

કુમાર કહે : માનસેન, આપણે ઝડપ કરો. ખેતશીશેઠ જાગ્યા છે. રાતોરાત ક્યાંય નીકળી ગયા છે, પણ હશે આટલામાં જ.

ત્યાં માનસેનને વાત સાંભરી.

માનસેન બોલ્યો : આપણે કિનારે તો જોયું જ નથી. કોઈ વહાણ ગુમ થયું છે કે નહીં? તેની ભાળ કરવી જોઈએ. કદાચ ખેતશીશેઠ વહાણમાં ભાગ્યા હોય.

આ વાત સાચી હતી. કદાચ એમ બને.

માનસેન પોતે દોડ્યો. કિનારે ગયો. વહાણની તપાસ કરી. બધાં વહાણ અને બધી હોડીઓ એમ ને એમ હતાં. વહાણ કે હોડી ઓછાં થયાં નથી તો તો ખેતશીશેઠ વનમાં જ ગયા હશે.

કુમાર કહે : તો આપણે દોડો. ગમે ત્યાં પણ વનમાં જ ખેતશીશેઠ હશે.

બધા ચાલી નીકળ્યા. કુમાર અને માનસેન જુદી જુદી દિશામાં ગયા.

ખેતશીશેઠનો દાવ ખરેખરો જામ્યો.

ખેતશીશેઠ બીજે ક્યાંય નહોતા ગયા. રાતે પોતે ઊઠ્યા. ગુપચુપ બહાર નીકળી ગયા. એક વનવાસીના ઘરમાં છુપાઈ ગયા. મુનીમજી પણ બીજા વનવાસીના ઘરમાં લપાયા. કોઈને વહેમ ન આવ્યો કે, વનવાસીના ઘરમાં છુપાઈ ગયા હશે.

બધી ટુકડીઓ ઊપડી ગઈ એટલે ગુપચુપ મુનીમજી નીકળ્યા અને ખેતશીશેઠને મળ્યા. ખેતશીશેઠના આનંદનો પાર ન રહ્યો. હસીને મુનીમજીને બાથ ભરી લીધી.

ખેતશીશેઠ બોલ્યા : જોયુંને મુનીમજી! આ ખેતશીશેઠનું શરીર ઘરડું થયું છે પણ એની બુદ્ધિ ઘરડી નથી થઈ. કેવો દાવ માર્યો? અને કેવો સાચો પડ્યો?

મુનીમજી બોલ્યા : મારું તો કાળજું થડકતું હતું કે ઘરમાં તપાસ કરશે તો પકડાઈ જઈશું.

ખેતશીશેઠ બોલ્યા : પોતાની વસ્તુ ખોવાય ત્યારે કોઈ પોતાના ગજવામાં તપાસ નથી કરતું. એટલા માટે જ મેં આ દાવ ગોઠવ્યો હતો.

મુનીમજી કહે : બધા આપણને શોધવા ઊપડી ગયા છે.

ખેતશીશેઠે મુનીમજીનો હાથ પકડ્યો. અને જોરથી તાળી પાડી.

ખેતશીશેઠ બોલ્યા : બસ, બસ એ જ આપણો દાવ હતો. હવે થાઓ તૈયાર. આપણા માણસોને ઝટ બોલાવો.

મુનીમજી નીકળી પડ્યા. પોતાના માણસોને છાના છાના એકઠા કરી લીધા. એ બધા પણ પોતાના ઘરમાં છૂપી બેઠા હતા. ખેતશીશેઠને શોધવા બધા ચાલ્યા જાય ત્યાં સુધી છુપાઈ રહેવાનું નક્કી કર્યું હતું.

ખેતશીશેઠે મુનીમજીને કહ્યું : આપણો માણસોને હથિયાર આપી દો.

ખેતશીશેઠે બડા ચતુર હતા. છૂપી રીતે હથિયાર રાખી મૂકતા હતા. તે બીજું કોઈ જાણતું નહીં. એ ચતુરાઈ આજ કામમાં આવી. પોતે હથિયારો લીધાં. બીજાને પણ આપ્યાં.

ખેતશીશેઠ અને મુનીમ આગળ થયા. પાછળ પંદરેક વનવાસી ચાલ્યા. બીજા બધા વનવાસી ઘેર નહોતા. માનસેન અને કુમારની સાથે વનમાં ગયા હતા. કોઈ કોઈ ઘરડા માણસો ઘેર હતા. બધાને ઘેર ખેતશીશેઠ ફરી વળ્યા. ભારે દમ ભિડાવીને કહેતા ગયા કે, ખબરદાર, હવે મારું રાજ છે. કુમાર અને માનસેન જેવા છોકરાની કશી વિસાત નથી. હવે મારી આજ્ઞા માનજો.

આમ કહે છે અને ઘેર ઘેર ફરે છે. એમ ફરતા અનાલુ ડોસાને ત્યાં ગયા. સુકેશા કંઈક દવા વાટતી હતી. અનાલુ ડોસાને હજી પૂરો આરામ નહોતો થયો.

આંગણામાં પગ મૂક્યો કે ખેતશીશેઠે ખોંખારો ખાધો.

સુકેશા ચમકી. જોયું તો સામેથી ખેતશીશેઠ આવે છે. મૂછે વળ દે છે અને આછું આછું હસી રહ્યા છે. તેમને જોઈને સુકેશા ઊભી થઈ ગઈ. ખેતશીશેઠ ક્યાંથી આવી પડ્યા?

ત્યાં તો ખેતશીશેઠ બોલ્યા : નાદાન છોકરી? જેમ ઊભી છો તેમ જ ઊભી રહેજે. તું બડી શૂરવીર બની હતી. તારો બાપ તો જાણે કે શૂરવીરનો અવતાર બની ગયો હતો. હવે તમારું બધું શૂરાતન હું અવળું કાઢી નાખીશ. ક્યાં છે તારો બાપ?

સુકેશા કશું બોલી શકી નહીં.

ખેતશીશેઠે મુનીમને કહ્યું : શું ઊભા છો? જાઓ અંદર અને ઘસડી લાવો એ ડોસલાને?

આ વાત સાંભળી કે મુનીમ ચાલ્યા. સાથે ચાર-પાંચ વનવાસીને લઈ ગયા. અનાલુ ડોસા સગડી પાસે બેઠા હતા. બિચારા તાપતા હશે. બહાર બોલાટ થયો એટલે જરા ફરી ગયા અને સાંભળવા લાગ્યા. ત્યાં તો મુનીમજી આવ્યા.

મુનીમે વનવાસીને કહ્યું : પકડીને ઘસડી ચાલો.

અનાલુ એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા : ખબરદાર! છો ત્યાં જ ઊભા રહો.

ખડખડ કરતા મુનીમ હસ્યા.

પાસે જ તલવાર પડી હતી. અનાલુ ડોસાએ ઝડપથી ઉઠાવી લીધી. જાણે કે પોતાની બધી પીડા ભૂલી ગયા. ઘરડા હતા. ગોળી વાગી હતી. ઘા પડેલા તે રુઝાયા નહોતા. તેથી નબળા પડી ગયા હતા. ઊભા થાય તો પણ થાક લાગતો. અત્યારે એ બધી નબળાઈ ભૂલી ગયા. તલવાર લઈને ખડા થઈ ગયા.

અનાલુ બોલ્યા : ખડખડ હસે છે શું? ખેતશીનો તું ગુલામડો છે. તારામાં બળ હોય તો લે તલવાર અને આવી જા. તું મને ઘસડીને લઈ જઈશ એમ?

મીઠું હસીને મુનીમ બોલ્યા : મારા દાદા! સમય જોઈને કામ કરીએ. ડાહ્યા થાઓ અને તલવાર નીચી કરી દો. ખેતશીશેઠ બહાર ઊભા છે, ત્યાં ચાલો. બસ, મારે તો એટલું જ કામ છે. બાકી તમારી તલવાર કશા કામની નથી.

અનાલુ ડોસા બોલ્યા : કશા કામની નથી એમ?

આમ બોલીને અનાલુ ડોસાએ તલવારનો ઘા કરી દીધો. તેને જોમ ચડી આવ્યું હતું. રીસ પણ ચડી હતી. જોમ અને રીસ એકસાથે થયાં એટલે ધીરજ રહી નહીં. ઘા મારી દીધો. ઘા એવો હતો કે સીધો પડે તો મુનીમજીની ડોકી કપાઈ જાય. મુનીમ બડો ચપળ છે. એકદમ નીચે બેસી ગયો, પણ પોતાનો હાથ ઊંચો કરી દીધો. તલવારનો ઘા હાથ પર પડ્યો. હાડકા સુધી હાથ કપાઈ ગયો. મુનીમે મોટી ચીસ પાડી.

ચીસ ખેતશીશેઠે સાંભળી. એકદમ દોડ્યા. ઘરમાં પેઠા અને જોયું તો વોય વોય બોલતાં મુનીમજી નીચે બેસી પડ્યા છે. હાથમાંથી લોહી વહી રહ્યું છે. અનાલુ ડોસા તલવાર લઈને સામે ખડા છે.

ખેતશીશેઠ બરાડો પાડીને બોલ્યા : પાજી બૂઢિયા? તારી આવી હિંમત?

અનાલુ બોલ્યો : તું બદમાશ, ખોડ ભૂલ્યો નથી. તને જીવતો રાખ્યો એટલે ફરી પાછો પાપ કરવા ઊભો થયો?

ખેતશીશેઠ બોલ્યા : મારા બદલે હવે તું મરવા તૈયાર થા. હું મારે હાથે જ તને પૂરો કરીશ.

આમ કહીને ખેતશીશેઠે બીજાના હાથમાંથી તલવાર લીધી.

અનાલુ બોલ્યો : સરસ! તું અને હું આજે છેલ્લી લડાઈ લડી લઈએ. કાં તું નહીં અને કાં હું નહીં. અને યાદ રાખજે કે, આ ઘડી હું તને જીવતો નહીં રાખું. તારા ઉપર મને જરાય દયા નથી. એ તો પેલા કુમારે અને માનસેને તને જીવતો રહેવા દીધો. હું તને જીવતો નહીં રાખું.

ખેતશીશેઠ બોલ્યા : આ હા હા હા હા! બડો વીર બની ગયો ખરું?

'હા હા, વીર વીર વીર' આમ બોલીને અનાલુ ડોસાએ દાંત કચકચાવ્યા. વિચાર કર્યો કે એક જ ઘા મારું અને ખેતશીને પાડી દઉં. ખેતશી ઘા મારે તે પહેલાં આપણે ઘા મારી દેવો જોઈએ. આમ વિચારીને ઝડપથી અનાલુ ડોસા આગળ ધસી ગયા. જોરથી એક ઘા મારી દીધો. ખેતશીશેઠ જીવતા ન રહે એમ અનાલુ ડોસાને ખરેખરું જોમ ચડ્યું હતું. ખરેખરો ઘા મારી દીધો હતો, પણ ઘા જરા કાચો પડ્યો. એક વનવાસીએ ચપળતા વાપરી. તેના હાથમાં ભાલો હતો. તે આડો ધરી દીધો. અનાલુની તલવાર ભાલા ઉપર પડી, પણ અનાલુ જાય તેવા નહોતા. ઝડપથી બીજો ઘા ઉગામ્યો. હવે ભૂલે તો પોતાને ખેતશીશેઠ છોડે નહીં. શત્રુને જરાય સમય આપવો ન જોઈએ.

ત્યાં તો ધડામ કરતો ધડાકો થયો.
સનનન કરતી ગોળી આવી.
અનાલુના ખભામાં પેસી ગઈ.

લથડિયું ખાઈને અનાલુ ઢળી પડ્યા.

એ કામ હતું મુનીમનું.

મુનીમે જોયું કે, અનાલુનો બીજો ઘા ખેતશીશેઠ ઉપર પડશે.

મુનીમની ભેઠમાં તમંચો હતો. તમંચો કાઢ્યો. જામગરીનો ચકમક ઘસ્યો. દારૂ સળગ્યો અને ધડાકો થયો. અનાલુ ડોસાને ગોળી વાગી. અનાલુ ડોસા ઢળી પડ્યા.

સુકેશા બહાર હતી. તેણે ધડાકો સાંભળ્યો. ધડાકો સાંભળતાં જ તે દોડી. બારણામાં આવી તો પોતાના પિતાજી નીચે પડ્યા હતા. છાતી લોહીથી રંગાઈ ગઈ હતી. સુકેશાએ બૂમ પાડી : પિતાજી...!

બૂમ પાડીને તે દોડી.

ખેતશીશેઠ રીસથી બોલ્યા : નાદાન છોકરી! તારી પણ એ જ દશા થશે.

સુકેશા દોડીને તેના પિતાજી પાસે બેસી ગઈ. અનાલુનું માથું પોતાના ખોળામાં લઈ લીધું. પિતાજી, પિતાજી, એમ બોલતી જાય છે અને રડતી જાય છે.

ખેતશીશેઠ બોલ્યા : પકડી લો એને અને એના બાપનું મડદું બહાર ફેંકી દો. ભલે ગરુડ ફાડી ખાય.

'ઓ દુષ્ટ! ' આમ બોલીને સુકેશા ઊભી થઈ ગઈ. હોઠ પીસીને ખેતશીશેઠ સામે જોઈ રહી.

ખેતશીશેઠ બોલ્યા : ડોળા શું તતડાવે છે? હું એથી ડરી જવાનો નથી. ચાલો, પકડી લો.

પોતાના માણસોને ખેતશીશેઠે આમ કહ્યું કે, ચાર વનવાસીઓ સુકેશાને પકડવા ધસી ગયા. સુકેશા બે પગલાં પાછી હટી ગઈ. એકાએક તેને જોમ ચડ્યું. એકદમ ધસી ગઈ. ખેતશીશેઠના મોઢા ઉપર જોરથી એક મુક્કો મારી દીધો. મુક્કો બરાબર નાક ઉપર વાગ્યો. ખરેખરા જોરથી મુક્કો વાગ્યો. નાક ઉપર થોડું વાગે તો પણ પીડા ઘણી થાય. મુક્કો વાગ્યો એટલે ખેતશીશેઠ ઊંહકારો નાખી ગયા. જરા નીચું માથું કરીને નાકે હાથ દીધો. નાકમાંથી લોહી નીકળતું હતું. ખેતશીશેઠનો હાથ રંગાઈ ગયો.

ખેતશીશેઠના બીજા હાથમાં તલવાર હતી. સુકેશાએ ઝડપ કરી. ખેતશીશેઠના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી. ખેતશીશેઠ ચમકી ગયા. ત્યાં તો સુકેશાએ બે-ત્રણ ઘા મારી દીધા. ખેતશીશેઠ ભાગ્યા. ભાગ્યા ખરા, પણ બે ઘા વાગી ગયા. એક વાગ્યો ખભા ઉપર અને બીજો વાગ્યો પીઠ ઉપર. જોરથી ઘા પડ્યા હતા, છતાં ખેતશીશેઠ બચી ગયા. ભાગ્યા એટલે પૂરેપૂરા ઘા બેઠા નહીં. ઘાયલ થઈ ગયા. લોહીથી રંગાઈ ગયા.

હવે સુકેશા તલવાર ફેરવવા માંડી. બે-ચાર વનવાસીને ઘાયલ કરી દીધા. ખેતશીશેઠ ભાગીને બહાર નીકળી ગયા. તેની પાછળ બીજા બધા નાઠા.



માનસેન પરાક્રમી

ખેતશીશેઠ પરસાળમાં રહી ગયા. બધાને બહાર નીકળી આવતા જોયા. મુનીમજી તો પહેલેથી બહાર નીકળી પડ્યા હતા.

ખેતશીશેઠે બૂમ પાડી : ઓ કાયરો! ભાગો છો શું? મારી પાડો એ ઢીંગલીને?

સુકેશા તલવાર લઈને બહાર ધસી. તે બોલી : આ ઢીંગલી હવે તને છોડનાર નથી.

ખેતશીશેઠે આમતેમ જોયુઃ ત્યાં તો સુકેસા ધસી આવી. પરસાળ પરથી પણ ખેતશીશેઠને ઊતરી જવું પડ્યું. પોતાના હાથમાં કશું હથિયાર નહોતું. બીજા બધા ગભરાઈ ગયા હતા. ઝડપથી ખેતશીશેઠે એક વનવાસીના હાથમાંથી ભાલું લઈ લીધું. જોસમાં ભાલું ફેક્યું. સુકેશા ખસી ગઈ. ખસી ન હોત તો ભાલાથી વીંધાઈ જાત. ભાલાનો ઘા ખાલી ગયો એટલે ખેતશીશેઠ ધૂંધવાઈ ઊઠ્યા. બરાડો પાડીને બોલ્યા કે : મારો, મારો, એને જોઈ શું રહ્યા છો? એ મુનીમ...!

મુનીમજીએ તૈયારી કરી લીધી હતી. પોતાના તમંચામાં દારૂ અને ગોળી ભરી લીધાં હતાં. મુનીમનું નામ ખેતશીશેઠ બોલ્યા એટલે સુકેશાનું ધ્યાન તે બાજુ ગયું. જોયું તો મુનીમજી તમંચો તૈયાર કરી રહ્યા હતા. સુકેશા સમજી ગઈ કે એ તમંચો ચલાવવાની તૈયારી કરે છે. વાત સાચી હતી, થોડી વાર થાય કે મુનીમજી તમંચો તાકે, તે પહેલાં તો સુકેશા દોડી ગઈ. મુનીમજીએ જોયું કે સુકેશા આવી. તમંચો સીધો કરતાં કરતાં પાછલા પગલે ભાગ્યા. સુકેશા વધારે ઝડપથી દોડી.

મુનીમ બોલ્યા : સુકેશા! ગોળી મારી દઈશ હોં!

ગોળી મારવાની વાર નહોતી, પણ હજી તણખો પાડવાનો હતો. દોરડી સળગાવી હતી. તે લઈને તમંચાનો દારૂ સળગાવવાની જ વાર હતી. પાછે પગલે દોડતાં મુનીમે સળગતી દોરડી લીધી. તમંચો સુકેશા સામે જ હતો. હવે તો નિશાન તાકવાની પણ જરૂર નહોતી. સુકેશા તદ્દન નજીક હતી.

ખેતશીશેઠને લાગ મળી ગયો. સુકેશા મુનીમજી સામે જઈ રહી હતી. પાછળથી ઘા મારી દીધો હોય તો લાગ ખરેખરો હતો. એવો લાગ ખેતશીશેઠ જવા દે એવા નહોતા. પોતાને બે ઘા વાગ્યા હતા. લોહીથી રંગાઈ ગયા હતા. તેની પીડા ઘણી હશે પણ તે ભૂલી ગયા. વિચાર કર્યો કે, સુકેશાને ફટકો મારવાનો દાવ છે, તે ચૂકવો ન જોઈએ. એમ વિચારીને વનવાસીના હાથમાંથી ભાલો લઈ લીધો. વનવાસી પણ સમજી ગયા કે સુકેશાને મારવાનો લાગે છે. ખેતશીશેઠ ઘા મારવા જાય તે પહેલાં વનવાસીઓ દોડ્યા. ત્યાં સુકેશાએ પાછળ જોયું. તે સમજી ગઈ કે વાર કરીશ તો પાછળથી માર પડશે. ત્યાં તો મુનીમે તમંચાના દારૂમાં તણખો મૂકી દીધો. સુરુરુરુ કરતો દારૂ સળગ્યો. ધડાકો થયો. દારૂના ધુમાડાનો ગોટો ઊડ્યો. એક ચીસ સંભળાઈ તે સાથે મુનીમના મોઢામાંથી પણ ચીસ નીકળી ગઈ. ધડાકો થયો તે પહેલાં જ સુકેશા બાજુમાં ખસી ગઈ. તમંચાની ગોળી બાજુમાં થઈને નીકળી ગઈ. પાછળ વનવાસી ધસતા આવતા હતા. તેમાંના એક વનવાસીને

ગોળી વાગી ગઈ. તે ચીસ પાડીને ઢળી પડ્યો. સુકેશા બચી ગઈ, પણ તેણે ઝડપ કરી. મુનીમજી થડકી ગયા કે સુકેશાએ ઝડપથી મુનીમજીના હાથ ઉપર તલવાર મારી દીધી. એ જ હાથમાં તમંચો હતો. તમંચો નીચે પડી ગયો. ઝડપથી સુકેશાએ તમંચો ઉઠાવી લીધો, પણ દારૂગોળા વિના તમંચો કશા કામનો નહીં. દારૂગોળાની કોથળી મુનીમજીની ભેટમાં હતી. સુકેશાએ ઝપટ મારીને કોથળી ખેંચી લીધી. મુનીમજી તો વોય વોય કરતા હાથ પકડીને નીચે બેસી ગયા. હવે તંમચો અને દારૂગોળાની કોથળી સુકેશાને મળી ગયાં. તરત જ સુકેશા દોડી, જરા દૂર જતી રહી. એક મોટો પથ્થર હતો. તેની આડમાં લપાઈ ગઈ.

ખેતશીશેઠ તો બાઘા બની ગયા. મુનીમજી અરરરર બોલે છે અને હાથ પકડીને બેસી ગયા છે. ખેતશીશેઠે જોયું તો બીજા વનવાસીના હાથમાં બંદૂકો છે.

ખેતશીશેઠે બૂમ પાડી : ઓ કૂતરાઓ! હાથમાં બંદૂકો છે અને ઊભા છો કેમ?

પણ એ બિચારાઓને કોઈને બંદૂક ફોડતાં આવડતું નહોતું. ખેતશીશેઠે કોઈ વનવાસીને બંદૂક ફોડવાનું શીખવ્યું જ નહોતું. પોતાના ખાસ માણસોને શીખવેલું. તે બિચારા પહેલાં ખલાસ થઈ ગયા હતા. ખેતશીશેઠ સમજ્યા કે બંદૂકો નકામી હતી. હથિયાર હોય, પણ વાપરતાં ન આવડે તો નકામું છે.

ખેતશીશેઠે વનવાસીના હાથમાંથી બંદૂક લઈ લીધી. મનમાં પસ્તાવો થયો કે પહેલાં બંદૂક લીધી હોત તો કામ થઈ જાત.

સુકેશાએ ઝડપથી તમંચામાં દારૂ અને ગોળી ભરી લીધાં. ખેતશીશેઠ ઉપર ગોળી છોડવા તાક્યો ત્યાં તો ખેતશીશેઠ ચેતી ગયા. સમજી ગયા હતા કે સુકેશા તમંચો લઈને પથ્થર આડી બેઠી છે. આટલી વારમાં તમંચો ભરી લીધો હશે. એકાએક ગોળી છોડશે તો મરી જઈશું. થોડી વાર થઈ હોત તો સુકેશાની ગોળી ખેતશીશેઠને વાગી હોત.

એક બાજુ સુકેશા તમંચો લઈને બેઠી છે. બીજી બાજુ ખેતશીશેઠ છે. વનવાસી તો દબાઈને બેસી ગયા છે. તમંચો ભરે છે અને સુકેશા ધડાકો કરે છે. ખેતશીશેઠ પણ બંદૂક ફોડે છે.

ત્યાં ખેતશીશેઠને વાત સાંભરી. આ રીતે કામ લેવાશે તો બધી બાજી બગડે. આમ લડવામાં સમય વીતી જાય અને માનસેનની ટુકડી પાછી આવી જાય તો બધું નકામું. ખેતશીશેઠે દાવ એવો ગોઠવેલો કે માનસેનની ટુકડીઓ પાછી આવે તે પહેલાં રહેઠાણ પોતાના હાથમાં લઈ લેવુ. ગોઠવાઈને બેસી જવું. માનસેન અને તેની ટોળી આવે કે અંદર રહીને ગોળીઓ છોડવી. રહેઠાણ પોતાના હાથમાં હોય તો પછી વાંધો નહીં. બીજા વનવાસીને ધીમે ધીમે પોતાના તાબામાં કરી શકાશે. આમ ખેતશીશેઠ રહેઠાણમાં રહે અને મુનીમજી જઈને વહાણ પોતાના હાથમાં લઈ લે. હવે આ બધો તાલ બગડવા માંડ્યો હતો. મુનીમજી ઘાયલ થઈ પડ્યા હતા, પણ હવે સુકેશા સાથે લડવાનું હતું. ન લડે તો સુકેશા છોડે નહીં. આ વાત વિચારી કે ખેતશીશેઠ ગભરાયા. હવે શું કરવું?

વનવાસીઓ લપાઈને બેસી ગયા હતા. તેઓ અંદર અંદર વાતો કરવા લાગ્યા કે મુનીમ

ઘવાયા છે. ખેતશીશેઠ પણ ઘવાયા છે. સુકેશા તેમને છોડશે નહીં. તો તો ખેતશીશેઠ જીતે નહીં.

એક વનવાસી બોલ્યો : ન જીતે તો તો આપણે મરીએ. માનસેન આવી જાય તો આપણે શું કરીએ?

બીજો કહે : તો તો ખેતશીશેઠ કદી જીતે નહીં.

ત્રીજો કહે : તો આપણું મોત થશે. શું કરીશું?

ચોથો કહે : આપણે નાસીને ઘેર જતા રહીએ.

આ વાત બધાને ગમી, ગુપચુપ બધા સરકી ગયા. સીધા ઘેર પહોંચી ગયા. ખેતશીશેઠ જાણતા નથી, પણ મુનીમજી પડ્યા પડ્યા જોઈ ગયા. સમજી ગયા કે વનવાસી ભાગી ગયા.

મુનીમજી ગભરાયા. વનવાસી જાય તો તો પોતે અને ખેતશીશેઠ બે જ રહી જાય. ત્યાં સુધીમાં માનસેન અને કુમાર આવી પહોંચે તો મૂઆ પડ્યા છીએ. આમ વિચારી મુનીમજી ચાલ્યા. વાંકા વાંકા દોડ્યા. ખેતશીશેઠ પાસે ગયા.

ખેતશીશેઠ બોલ્યા : મુનીમજી! તમે બધી પીડા ભૂલી જાઓ. વહાણ ઉપર પહોંચી જાઓ. વહાણ હાથમાં લઈ લો. હું રહેઠાણે જાઉં. આમ લડવા રહીશું તો માનસેનની ટોળી આવી જશે. તો આપણો દાવ નકામો થશે. શૂરવીર બનો. આમ ઢીલું મોઢું ના કરો. આ છેલ્લો દાવ છે.

મુનીમ બોલ્યા : પણ શેઠજી! છેલ્લો દાવ નકામો થઈ ગયો છે.

ખેતશીશેઠ બોલ્યા : કાં?

મુનીમજી કહે : વનવાસી નાસી ગયા.

ખેતશીશેઠ મોઢું વિકાસીને બોલ્યા : હેં ... ...

ખેતશીશેઠે બંદૂક ખોળામાં મૂકી દીધી.

મુનીમ કહે : હવે તમે અને હું બે છીએ. કહો તે દાવ કરીએ, પણ આપણો દાવ ચાલશે નહીં.

ખેતશીશેઠ ઠંડા બની ગયા. જમીન સામે તાકી રહ્યા. વિચારમાં ડૂબી ગયા.

ત્યાં પાછળથી કોઈ બોલ્યુઃ ખબરદાર ખેતશીશેઠ! છો એમ જ બેસી રહેજો. જરાય હાલ્યાડૂલ્યા તો ગોળી મારી દઈશ.

મુનીમ અને ખેતશીશેઠ સમસમી ગયા. એ હતી સુકેશા.

સુકેશાએ ખરેખરો લાગ જોયો. મુનીમને વાંકા વાંકા દોડી જતા જોયા. તે સમજી ગઈ કે મુનીમજી ખેતશીશેઠ પાસે જાય છે. વનવાસીઓ છુપાઈને ક્યાંક બેઠા છે. એકદમ જાઉં અને ખેતશીશેઠની પાછળ પહોંચું.

સુકેશાનો આ દાવ સરસ હતો. તેની સામે થનાર કોઈ નહોતું. તે લપાતી ચાલી. ખેતશીશેઠ અને મુનીમજી પાછળ પહોંચી ગઈ. પડકાર દીધો અને તમંચો તાક્યો.

ખેતશીશેઠે સુકેશા સામે જોયું. તેના હાથમાં તમંચો હતો.

સુકેશા બોલી : હવે તમારું મોત મારા હાથમાં છે. તમંચામાં ગોળી નથી, પણ ઝેરી છરા છે. તે તમારા જ બનાવેલા છે. હું નજીક છું. તમંચો ફોડીશ કે છરા તમને વાગ્યા વિના નહીં રહે. એક છરો વાગશે તો પણ તમે જીવતા નહીં બચો.

ખેતશીશેઠ ટાઢાટમ.

શું બોલે? શું વિચારે? શું કરે?

વિચારે છે કે, આ છોકરી ખરેખરી નીકળી. આવડી છોકરી પોતાને હરાવી જાય એ તો ઘણું ખોટું, પણ હવે બીજો કોઈ ઉપાય દેખાતો નથી. થોડી વાર સુધી તો ખેતશીશેઠ સૂમસામ બેસી રહ્યા.

નવરાને બધી પીડા સાંભરે.
નવરાને દુઃખ સાંભરે.
નવરાને નકામી વાતો સાંભરે.

ખેતશીશેઠ અત્યારે નવરા હતા. પોતાને ઘા વાગ્યા હતા. તેની પીડા હવે થવા માંડી.

માણસ કામમાં એકરસ બની જાય ત્યારે બધું દુઃખ ભૂલી જાય છે. તેમ લડવાના જોશમાં શેઠ બધી પીડા ભૂલી ગયા હતા.

સુકેશાએ વિચાર્યું કે આ બંનેને દબાવી દેવા જોઈએ. આમ વિચારીને સુકેશા બોલી : ખેતશીશેઠ! ઊભા થાઓ. તમે બંને આગળ ચાલો. ચલો, વાર કરશો તો ગોળી મારીશ.

હવે શું કરવું?

ખેતશીશેઠ ખરેખરા સપડાયા હતા. ના કહે તોય દુઃખ.

સુકેશા ફરીને બોલી : ચલો, ઊભા થઈ જાઓ. હવે ધડાકો કરી દઈશ.

ખેતશીશેઠને દાવ સૂઝ્યો. પોતે જાણે કે ઊભા થવા જાય છે. ઊભા થતાં થતાં બંદૂક હાથમાં લઈ લેવી અને બંદૂકનો ફટકો સુકેશાને મારી દેવો. સુકેશાનું ધ્યાન બીજી વાતમાં રહેવું જોઈએ. વાતમાં ધ્યાન રહે તો પોતાનો દાવ બેસે.

ખેતશીશેઠ ઊભા થવા લાગ્યા અને હસીને બોલ્યા : વાહ દીકરી! તારી વીરતા જોઈને હું છક થઈ ગયો. હું તારી સામે હારી ગયો. હવે તું જેમ કહે તેમ કરવા તૈયાર છું, પણ દીકરી, મારા કહેવા પ્રમાણે તમે કર્યું હતો તો આ દશા ન થાત.

આમ બોલતાં બોલતાં ખેતશીશેઠ ઊભા થતા ગયા અને ધીરેથી બંદૂક પણ ઉઠાવી લીધી. લાકડીનો ટેકો દઈએ તેમ બંદૂકનો ટેકો દઈને ઊભા થવા માંડ્યા. સુકેશાનું ધ્યાન ગયું.

સુકેશા બોલી : બંદૂક નીચે પડતી મૂકી દો. નીચે. ચલો, વાર નહીં. તમે મને ઠગી નહીં શકો.

ખેતશીશેઠ સમજી ગયા કે સુકેશા કાચી નથી. આ દાવ નકામો ગયો. હવે બીજો કોઈ દાવ સૂઝશે તો ઠીક છે.

ખેતશીશેઠ અને મુનીમ ઊભા થઈ ગયા.

સુકેશા બોલી : ચાલો, આ બાજુ.

ખેતશીશેઠ અને મુનીમ ચાલ્યા. તમંચો તાકીને પાછળ સુકેશા ચાલી. થોડે દૂર ગયા. એક ઊંડો ખાડો આવ્યો.

સુકેશા બોલી : આ ખાડામાં ઊતરી પડો.

ખેતશી બોલ્યા : અમે ઘવાયેલા છીએ. ખાડામાં શી રીતે ઊતરીશું?

સુકેશા કહે : ગમે તે રીતે, ન ઊતરાય તો ગબડી પડો.

ખેતશીશેઠ સમજી ગયા કે સુકેશા કહે તેમ કર્યા વિના છૂટકો નથી. ધીરેથી મુનીમ અને પોતે ખાડામાં ઊતરવા માંડ્યા. મુનીમનો હાથ ઘવાયો હતો. એ તો અધવચથી ખાડામાં ગબડી પડ્યા. ખેતશીશેઠ કૂદીને પડ્યા. સુકેશાએ તરત જ મોટા પથ્થર ખાડાની કોર પાસે લાવી મૂક્યા. ખેતશીશેઠને કહ્યું કે : ખાડામાંથી બહાર નીકળવા મહેનત કરશો કે ઉપરથી આ પથ્થર ગબડાવી મૂકીશ.

ખાડામાં શેઠ અને મુનીમજી બેસી રહ્યા. બહાર સુકેશા બેઠી. એમ ને એમ સાંજ થઈ ગઈ.

સાંજ થઈ કે માનસેન અને કુમારની ટોળીઓ પાછી આવી ગઈ. રહેઠાણમાં ગયા કે બધી વાત જાણી. સુકેશાના ઘરમાં અનાલુ ડોસાને પડેલા જોયા. સુકેશા ક્યાં ગઈ તે જાણતા નથી. તેની ચિંતા થઈ પડી. ચારેકોર દોડાદોડ કરી મૂકી. ત્યારે ખાડા નજીક કોઈએ સુકશાને જોઈ. કુમાર અને માનસેન પણ ત્યાં દોડી ગયા. સુકેશાએ બધી વાત કરી. ખેતશીશેઠને અને મુનીમજીને બહાર કાઢ્યા.

માનસેને શેઠને કહ્યું : ખરેખર! માણસ હારે છે ત્યારે નમ્ર બને છે, પણ છૂટો થાય એટલે ફરી પાછો એવો ને એવો. જે માણસ એક વાર હારે અને ન સમજે તો તે ગમાર છે, એમ માનવું. હારે અને પછી એવી ભૂલ ન કરે તે માણસ સુખી થાય છે. તેમ ખેતશીશેઠ તમે સુધર્યા નહીં.

સુકેશા કહે : હવે હું એને સુધારીશ. એનો જીવ લઈશ.

કુમાર કહે : ના બહેન! બદલો લેવાથી આપણું નુકસાન પાછું મળતું નથી.

સુકેશા કહે : આ પાપી જીવતો રહેશે તો વળી પાછો બીજાં નવાં પાપ કરશે.